# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 30-08-2024 Morning : 7.45 to 7.55
Day : Firday National News

આકાશવાણી સમાચાર **રિધ્ધિ ઉંધાડ** વાંચે છે.

**************************************************

- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે મહારાષ્ટ્રમાં મુંબઇ અને પાલઘરમાં વિવિધ વિકાસકામોનાં ખાતમૂહુર્ત અને લોકાર્પણ કરશે
- રેટિંગ એજન્સી મૂડીઝે નાણાકીય વર્ષ 2024-25 માટે ભારત માટેનો વાસ્તવિક જીડીપી દરનો અંદાજ વધારીને 7.2 ટકા કર્યો
- સૌરાષ્ટ્ર અને કચ્છમાં સર્જાયેલું ભારે દબાણ આગામી 12 કલાકમાં અરબી સમુદ્રમાં ચક્રવતી વાવાઝોડામાં પરિવર્તિત થવાની સંભાવના
- પેરિસ પેરાલિમ્પિક્સમાં શીતલ દેવી અને રાકેશ કુમારની ભારતીય તીરંદાજી ટીમે વિક્રમ સર્જ્યો
- યુએસ ઓપન ટેનિસમાં રોહન બોપન્ના અને મેથ્યુ એબ્ડનની ભારતીય જોડીનો પુરુષ ડબલ્સમાં વિજય

**************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM - MAHARASHTRA VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે મહારાષ્ટ્રમાં મુંબઇ અને પાલઘરની મુલાકાત લઇને વિવિધ વિકાસકામોના ખાતમૂહુર્ત અને લોકાર્પણ કરશે. પ્રધાનમંત્રી આજે સવારે 11 વાગ્યે મુંબઇના જીઓ વિશ્વ સંમેલન કેન્દ્રમાં યોજાનાર વૈશ્વિક નાણાં સંસ્થાઓની બેઠકમાં સંબોધન કરશે. ત્યાર પછી લગભગ એક વાગે, 30 મિનિટે શ્રી મોદી પાલઘરમાં સીડકો મેદાન ખાતે વિવિધ વિકાસકામોના લોકાર્પણ અને ખાતમૂહૂર્ત કરશે. તેઓ પાલઘરમાં 76 હજાર કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર થનાર વધવાન બંદરનું ખાતમૂહુર્ત કરશે.

સૂચિત બંદર પર મોટા કન્ટેનર સાથેના માલવાહક જહાજો માટેની ખાસ વ્યવસ્થા ઉભી થવાથી આ બંદર દેશના આર્થિક અને વેપાર ક્ષેત્રના વિકાસ માટે નોંધપાત્ર બની રહેશે. આ ઉપરાંત પ્રધાનમંત્રી એક હજાર 560 કરોડ રૂપિયાના ખર્ચના મત્સ્યોદ્યોગ ક્ષેત્રના 218 પ્રોજેક્ટોનું ભૂમિપુજન અને લોકાર્પણ કરશે. આ પ્રોજેક્ટો દ્વારા રોજગારની અંદાજે 5 લાખથી વધુ તકોનું નિર્માણ થવાની સંભાવના છે. આ પ્રસંગે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી 360 કરોડ રૂપિયાના ખર્ચના જહાજ સંદેશા વ્યવહાર અને તેમને મદદરૂપ થનારી વ્યવસ્થાનો શુભારંભ કરાવશે.

# MOODY'S RATING

ન્યુયોર્ક સ્થિત ગ્લોબલ રેટિંગ એજન્સી મૂડીઝે નાણાકીય વર્ષ 2024 માટે ભારત માટેનો તેનો વાસ્તવિક જીડીપી વૃદ્ધિ દર વધારીને 7.2 ટકા કર્યો છે જે અગાઉના 6.8 ટકા અને 2025 માટે 6.6ટકાના અંદાજ કરતાં વધુ છે.

આ અહેવાલ વ્યાપક-આધારિત વૃદ્ધિ, સ્થિતિસ્થાપક ખાનગી વપરાશ અને સુધારેલી વ્યાપારી પરિસ્થિતિઓ દ્વારા તૈયાર કરવામાં આવ્યું છે. મૂડીઝે જણાવ્યું હતું કે ચુસ્ત નાણાકીય નીતિ અને રાજકોષીય એકત્રીકરણના પ્રયાસો છતાં ભારતીય અર્થતંત્ર 2024 ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં વાર્ષિક ધોરણે 7.8 ટકા વૃદ્ધિ કરશે. આ દર્શાવે છે કે ઔદ્યોગિક અને સેવા બંને ક્ષેત્રો સમૃદ્ધ થઈ રહ્યા છે.

# COAL-RAILWAYS

કોલસા મંત્રાલયે કોલ લોજિસ્ટિક્સ પ્લાન હેઠળ ૩૮ પ્રાથમિકતાવાળા રેલ યોજનાઓની ઓળખ કરી છે. રેલ્વે મંત્રાલય સાથે નજીકના સંકલનમાં આ યોજના ટૂંક સમયમાં પૂર્ણ કરવામાં આવશે. આ યોજનાનો ઉદ્દેશ્ય રેલ કનેક્ટિવિટી વધારવાનો, કોલસાની સમયસર સપ્લાય સુનિશ્ચિત કરવાનો, મુસાફરી ખર્ચ ઘટાડવાનો અને દેશમાં કોલસા પરિવહનની એકંદર કાર્યક્ષમતામાં વધારો કરવાનો છે.

આ યોજના અંતર્ગત સરકારે ઓડિશામાં બે યોજનાને મંજૂરી આપી છે. સરદેગા-ભાલુમુડા ડબલ લાઇન રેલ પ્રોજેક્ટ અને બારગઢ રોડ-નવાપારા રોડ સિંગલ લાઇન પ્રોજેક્ટ જે કોલસાની ખાણોમાંથી કાઢવામાં આવેલા કોલસાને બહાર કાઢવાની સુવિધા આપશે.

# GAZA CEASEFIRE - VACCINATION

વિશ્વ આરોગ્ય સંસ્થાના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું છે કે ઇઝરાયેલી સત્તાવાળાઓ અને આતંકવાદી જૂથ હમાસ ગાઝા પટ્ટીમાં લગભગ 6 લાખ 40 હજાર બાળકોને રસીકરણની સુવિધા આપવા માટે ત્રણ અલગ-અલગ ત્રણ દિવસના વિરામ માટે સંમત થયા છે.

આ રવિવારથી રસીકરણ અભિયાન શરૂ થવા જઈ રહ્યું છે. તે મધ્ય ગાઝામાં ત્રણ દિવસના યુદ્ધવિરામ સાથે શરૂ થશે, ત્યારબાદ દક્ષિણ ગાઝામાં ત્રણ દિવસના વિરામ સાથે અને ઉત્તર ગાઝામાં અંતિમ ત્રણ દિવસના વિરામ સાથે સમાપ્ત થશે.

# IMD---WEATHER.RTF

ભારતીય હવામાન વિભાગે આગામી 2 થી 3 દિવસ દરમિયાન ઓડિશા, કોસ્ટલ કર્ણાટક, કેરળ અને માહેમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરી છે. હવામાન વિભાગે કહ્યું કે આજે ઓડિશા અને કોસ્ટલ કર્ણાટકમાં ભારે વરસાદની સ્થિતિ રહેશે. આ સાથે જ ગુજરાતના કચ્છ અને સૌરાષ્ટ્રમાં પણ ભારેથી અતિભારે વરસાદની શક્યતા વ્યક્ત કરાઈ છે.

દરમ્યાન ભારતીય હવામાન વિભાગે જણાવ્યું છે કે સૌરાષ્ટ્ર અને કચ્છ પર સર્જાયેલ ડીપ ડિપ્રેશન આગામી 12 કલાકમાં ઉત્તર પૂર્વ અરબીસમુદ્રમાં ચક્રવાતી વાવાઝોડામાં પરિવર્તિત થવાની સંભાવના છે. આજે સૌરાષ્ટ્ર અને કચ્છના ભાગોમાં છૂટાછવાયા સ્થળોએ ભારેથી અતિભારે વરસાદની આગાહી કરી છે. દરમિયાન ગુજરાતમાં છેલ્લા 24 કલાકમાં વરસાદનું જોર ઘટ્યું હતું. કચ્છ, દેવભૂમિ દ્વારકા અને જામનગરને બાદ કરતાં ઘણા વિસ્તારોમાં વ્યાપકપણે ભારે વરસાદ નોંધાયો હતો, મોટા ભાગના સ્થળોએ મધ્યમ વરસાદ થયો હતો.

આ સાથે જ વડોદરામાં પૂરની સ્થિતિમાં સુધારો થઈ રહ્યો છે પરંતુ રાહત અને બચાવ કામગીરી હજુ પણ ચાલુ છે. કેરળ, કર્ણાટક, તટીય આંધ્રપ્રદેશ અને તેલંગાણામાં આજે ભારેવ રસાદની સ્થિતિ રહેશે. દરમિયાન, ઉત્તર-પૂર્વ ભારતમાં આગામી 4 થી 5 દિવસ દરમિયાન ભારે વરસાદ પડશે. હવામાન વિભાગે આવતીકાલે છત્તીસગઢ અને વિદર્ભની સાથે ગુજરાતના સૌરાષ્ટ્ર અને કચ્છમાં પણ ભારે વરસાદની આગાહી કરી છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરી શકો છો...

# PARIS PARALYMPICS

પેરિસ પેરાલિમ્પિક્સમાં, શીતલ દેવી અને રાકેશ કુમારની ભારતીય મિશ્ર કમ્પાઉન્ડ તીરંદાજી ટીમે 1399ના સંયુક્ત સ્કોર સાથે નવો પેરાલિમ્પિક રેકોર્ડ બનાવ્યો છે. આ તીરંદાજી જોડી ટોચના સીડ તરીકે બીજી સપ્ટેમ્બરે ક્વાર્ટર ફાઇનલમાં રમશે.

પેરિસ પેરાલિમ્પિક્સના બીજા દિવસે, ભારતીય એથ્લેટ્સ આજે વિવિધ સ્પર્ધામાં ભાગ લેશે. R2 મહિલાઓની 10 મીટર એર રાઈફલ SH1 સ્પર્ધામાં મોના અગ્રવાલ પણ ભાગ લેશે..

# US OPEN TENNIS

યુએસ ઓપન ટેનિસમાં, રોહન બોપન્ના અને મેથ્યુ એબ્ડેનની ભારતીય-ઓસ્ટ્રેલિયન જોડીએ તેમની પુરૂષ ડબલ્સની શરૂઆતની મેચ જીતી લીધી છે. તેમની પ્રતીસ્પર્ધી ડચ જોડીને 6-3, 7-5થી હરાવીને દ્વિતીય ક્રમાંકિત ભારતીય-ઓસ્ટ્રેલિયન જોડી આજે બીજા રાઉન્ડમાં આર. કાર્બેલેસ અને એફ.કોરિયા સામે ટકરાશે.

દરમિયાન, રોહન બોપન્ના આજે મિક્સ ડબલ્સની સ્પર્ધામાં ઈન્ડોનેશિયાના અલ્દિલા સુતજિયાદી સામે પણ રમશે. મહિલા સિંગલ્સમાં ઇગાસ્વાઇ ટેકે જાપાનની એના શિબારાને 6-0, 6-1થી હરાવીને ત્રીજા રાઉન્ડમાં પ્રવેશ કર્યો છે. આ સાથે જ ડેવિસ કપના ખેલાડીઓ એન શ્રીરામ બાલાજી અને યુકી ભામ્બરી પોતપોતાના જોડીદાર સાથે મેન્સ ડબલ્સના બીજા રાઉન્ડમાં પહોંચી ગયા છે.

# HOCKEY - WOMEN'S ASIAN C'SHIP

ભારતીય હોકી એ જાહેરાત કરી છે કે મહિલા એશિયન ચેમ્પિયન્સ ટ્રોફી 2024 આ વર્ષે 11મી નવેમ્બરથી બિહારના રાજગીરમાં શરૂ થશે. ભારતીય હોકી અને બિહાર સરકાર વચ્ચેના સંયુક્ત પ્રયાસથી આ સ્પર્ધા રાજગીર હોકી સ્ટેડિયમ ખાતે 11મી નવેમ્બરથી 20મી નવેમ્બર વચ્ચે યોજાશે.

એશિયન હોકી ફેડરેશનના પ્રમુખ દાતો ફ્યુમિયો ઓગુરાએ જાહેરાત કરી છે કે આઠમી મહિલા એશિયન ચેમ્પિયન્સ ટ્રોફી ભારતમાં યોજાશે. હોકી ઈન્ડિયાના પ્રમુખ ડો.દિલીપ તિર્કીએ કહ્યું કે હોકીમાટે આ ઐતિહાસિક ક્ષણ છે.

# SAFF FOOTBALL

બાંગ્લાદેશે 20 વર્ષથી ઓછી ઉંમરના ખેલાડીઓ માટેની દક્ષિણ એશિયાઇ ફૂટબોલ સંગઠનની સાફ સ્પર્ધા પહેલીવાર જીતી લીધી છે.

સ્પર્ધાની ફાઇનલમાં બાંગ્લાદેશે નેપાળને 4 – 1 ગોલથી પરાજય આપીને સ્પર્ધા જીતી લીધી હતી. ગત 18મી ઓગષ્ટથી યોજાયેલી આ સ્પર્ધામાં નેપાળ, બાંગ્લાદેશ, શ્રીલંકા, ભારત, માલદીવ અને ભૂતાનની ટીમોએ ભાગ લીધો હતો.

ઉલ્લેખનીય છે કે, ભારતે 2019, 2022 અને 2023માં યોજાયેલી સાફ ફૂટબોલ સ્પર્ધાઓ જીતી લીધી હતી.

# RESIGNATION OF RAJYA SABHA MPYSR

કોંગ્રેસ પાર્ટીના રાજ્યસભાના સાંસદો બીધા મસ્તાન રાવ યાદવ અને મોપીદેવી વેંકટરામન રાવે રાજ્યસભાના સભ્યપદેથી રાજીનામું આપી દીધું છે. રાજ્યસભાના અધ્યક્ષ જગદીપ ધનખડે તેમનું રાજીનામું સ્વીકારી લીધું છે. આ રાજીનામા સાથે, રાજ્યસભામાં YSR કોંગ્રેસ પાર્ટીનું પ્રતિનિધિત્વ ઘટીને નવ સાંસદ થઈ ગયું છે, જ્યારે લોકસભામાં તેના ચાર સભ્યો છે.

# KARNATAKA-HC-REJECTS-CBI-PLEA.RTF

કર્ણાટક વડી અદાલતે રાજ્યના નાયબ મુખ્યમંત્રી ડી કે શિવકુમાર સામે અપ્રમાણસર સંપત્તિ કેસની તપાસ માટે સંમતિ પાછી ખેંચવાના રાજ્ય સરકારના આદેશને પડકારતી CBIની અરજીને ફગાવી દીધી છે.

રાજ્ય સરકારે ગયા વર્ષે ડિસેમ્બરમાં ડી. કે. શિવકુમાર સામેના કેસની તપાસ કરવાની સંમતિ પાછી ખેંચી લીધી હતી અને આ મામલો કર્ણાટક લોકાયુક્તને મોકલી આપ્યો હતો અન્ય એક સુનાવણીમાં અદાલતે કર્ણાટકના મુખ્યમંત્રી સિદ્ધારમૈયા સામે કેસ ચલાવવા માટે રાજ્યપાલની મંજૂરીને લઈને દાખલ કરવામાં આવેલી અરજીની સુનાવણી આગામી શનિવાર પર મુલતવી રાખી છે. .

હવે આજના અખબારોના મુખ્ય સમાચારો સાથે મારા સહયોગી અનિલ પટેલ

- સંદેશની હેડલાઇનમાં જણાવાયું છે, સૌરાષ્ટ્ર-કચ્છ પર હવે વાવાઝોડાનું જોખમ
- એસસીઓની બેઠકમાં હાજર રહેવા પાકિસ્તાને પ્રધાનમંત્રી મોદીને આમંત્રણ આપ્યું આ સમાચાર સંદેશમાં પ્રથમ પાને છે
- રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ શેરધારકોને 1 : 1 બોનસ શેર આપશે—આ સમાચાર તમામ દૈનિકોનાં પ્રથમ પાને છે.
- રાજસ્થાન પત્રિકાની હેડલાઇન કહે છે, ભારત બન રહા સોને કી ચિડીયાઃ હર પાંચવે દિન બના એક કરોડપતિ
- દિવ્ય ભાસ્કરે એસએલબીસી રિપોર્ટને ટાંકીને જણાવ્યું છે કે ત્રણ મહિનામાં જ ગુજરાતીઓની બેન્ક ડિપોઝીટ 15 હજાર કરોડ ઘટી ગઈ
- હિમાચલ પ્રદેશ છોકરીઓની લગ્નની ઉંમર 21 વર્ષ કરનાર દેશનું પ્રથમ રાજ્ય બન્યું- આ સમાચાર ગુજરાત સમાચારે પહેલા પાને પ્રકાશિત કર્યા છે.
- આ ઉપરાંત જમ્મુ કાશ્મીરમાં ત્રણ આતંકવાદીઓ ઠાર, સેન્સેક્સે
- 82 હજારની સપાટી વટાવી, નૌકા દળની સંવેદનશીલ માહિતી લીક કરવાના કેસમાં ગુજરાત સહિત સાત રાજ્યમાં દરોડા, 1 સપ્ટેમ્બરથી અણગમતા કોલથી છુટકારો વગેરે સમાચારને વિવિધ અખબારોએ પ્રથમ પાને સ્થાન આપ્યું છે.